પ્રશ્નબેંક

વિષય – ગણિત

પ્રથમ સત્ર
પ્રકરણ : 1 થી 3

વર્ષ : 2025-26

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર

ધોરણ - 5

અધ્યયન નિષ્પતિ યાદી

ક્રમ	અધ્યયન નિષ્પતિ ક્રમાંક	અધ્યયન નિષ્પતિ વિધાન	પેજ નંબર
1	M501.1	પોતાની આસપાસના પર્યાવરણમાં વપરાતી 1000 થી મોટી સંખ્યાઓ વાંચે છે અને લખે છે.	2
2	M501.2	1000 થી મોટી સંખ્યાઓની સ્થાન કિંમતના આધારે સરખામણી કરે છે.	4
3	M501.3	આપેલ સંખ્યાઓને તેમના નજીકના દસ, સો, હજાર, દસ હજાર, લાખ અને કરોડમાં દર્શાવે છે	7
4	M501.4	કરોડ સુધીની સંખ્યાઓના સરવાળા બાદબાકી કરે છે	9
5	M501.7	ચાર મૂળભુત ક્રિયાઓના પરિણામ નો અંદાજ કાઢે છે તથા ચકાસણી કરે છે.	11
6	M501.8	સ્થાન કિંમતની સમજના આધારે 1,000 થી મોટી સંખ્યાઓ પર ચાર મૂળભૂત ક્રિયાઓ કરે છે	14
7	M504	લંબાઈ,વજન અને ગુંજાશ જેવી રાશિઓના મોટા અને નાના એકમો જાણે છે તથા તેમની વચ્ચેનો સંબંધ જાણે છે અને નાના એકમોનું મોટા એકમોમાં અને મોટા એકમોનું નાના એકમોમાં પરસ્પર રૂપાંતર કરે છે.	16
8	M506	નાણું , લંબાઈ ,વજન ,ગુંજાશ અને સમય આધારિત કોયડાઓ ગણિતની ચાર મૂળભૂત ક્રિયાઓના ઉપયોગ દ્વારા ઉકેલે છે.	17
9	M503.1	ખૂણાઓને કાટકોણ, લઘુકોણ અને ગુરુકોણમાં વર્ગીકૃત કરે છે. તેમજ તેને દોરીને / ટ્રેસ કરીને રજૂ કરે છે.	22
10	M503.2	આસપાસના પર્યાવરણમાં રચાતા ખૂણાઓને કાટકોણ, લઘુકોણ અને ગુરુકોણ સ્વરૂપે દર્શાવે છે.	26
11	M509.1	આલેખપત્રની મદદથી આસપાસના પર્યાવરણમાં જોવા મળતી વસ્તુઓનું ક્ષેત્રફળ શોધે છે.	31
12	M509.2	આલેખપત્રની મદદથી આસપાસના પર્યાવરણમાં જોવા મળતી વસ્તુઓની પરિમિતિ શોધે છે.	38

ક્ષમતાક્રમાંક : C-1.1	ભારતીય સંખ્યાપદ્ધતિ સ્થાનકિંમત ના માળખાનો ઉપયોગ કરી સંખ્યાઓને રજૂ કરે પૂર્ણ સંખ્યાઓની તુલના કરે અને ખૂબ મોટી સંખ્યાઓના નામ જાણે અને વાંચી શકે.
અધ્યયન નિષ્પત્તિ ક્રમાંક : M501.1	પોતાની આસપાસના પર્યાવરણમાં વપરાતી 1000 થી મોટી સંખ્યાઓ વાંચે છે અને લખે છે.

વિભાગ-A હેતુલક્ષી પ્રશ્નો (દરેકનો એક ગુણ)

1) નીચે આપેલ વાહનની નંબર પ્લેટમા જોવા મળતા અંકોની મદદથી ચાર અંકની સૌથી મોટી સંખ્યા કઈ બનશે?

(A) 8024 (B) 0824 (C) 8402 (D) 8420

2) 750341 ને શબ્દોમાં શું લખાય ?
(A) પંચોતેર હજાર ત્રણ સો એકતાલીસ (B) સાતલાખ પાંચહજાર ત્રણસો એકતાલીસ
(C) સાત લાખ પચાસ હજાર ત્રણસો એકતાલીસ (D)પંચોતેર લાખ ત્રણસો એકતાલીસ

3) નીચેના માંથી કઈ સંખ્યા છ અંકોની છે?
(A) છ હજાર પાંચ સો બે (B) છ લાખ સાત હજાર બે
(C) છ હજાર પાંચ સો બાર (D) સાઈઠ લાખ પાંચ સો બે

4) નીચે આપેલ સંખ્યાઓ પેકી કઈ સંખ્યા 3465 કરતાં સો વધારે છે ?
(A) 3365 (B) 3475
(C) 3565 (D) 3455

5) 72433 ના ... સંખ્યાનો હજારનો અંક કયો હશે?
(A) 4 (B) 3 (C) 2 (D) 1

6) ચારસો હજાર =_________ સો.
(A) 4000 (B) 400 (C) 400000 (D) 40000

7) નેવું લાખમાં કેટલા શૂન્ય આવે ?
(A) 6 (B) 5 (C) 7 (D) 4

8) 100000=_________ સો.
(A) 20000 (B) 2000 (C) 10000 (D) 1000

9) નીચેનામાંથી કઈ સંખ્યા મોબાઇલમાં દર્શાવેલ છે?
(A) પાંચ હજાર પાંચ સો
(B) પંચાવન હજાર પાંચ
(C) પચાસ હજાર પાંચ
(D) પચાસ હજાર



વિભાગ-B અતિ ટૂંક જવાબી પ્રશ્નો(દરેકનો એક ગુણ)

1) તેર લાખ પંચોતેર હજાર બસોને અંકોમાં લખો.
2) 3907440 ને શબ્દોમાં લખો.
3) કુલદીપભાઈએ 2050 રૂપિયાની દાળ અને 750 રૂપિયાનાં લોટની ખરીદી કરી. તેમણે દુકાનદારને 3000 રૂપિયા આપ્યા હોય તો દુકાનદાર કેટલા રૂપિયા પરત આપશે?
4) સોનલે તેના ઘરમાં રહેલા કેલેન્ડરને જોઇને તેની મમ્મીને પૂછ્યું કે આ કેલેન્ડર મુજબ અત્યારે કયું વર્ષ હશે ?

વિભાગ-C ટૂંક જવાબી પ્રશ્નો(દરેકનો 2 ગુણ)

1) એક ગામમાં કુલ 9999 લોકો રહે છે. તેમાંથી 1099 લોકો 5-10 વર્ષની ઉંમરના છે તો 5-10 વર્ષની ઉંમરના સિવાય ગામની વસ્તી કેટલી થશે ?
2) હેનીના ખાતામાં 30452 રૂપિયા જમા હતા.કોઈ કારણસર તેને તેના ખાતામાંથી 12990 રૂપિયા ઉપાડ્યા તો હવે તેના ખાતામાં કેટલા રૂપિયા બાકી રહ્યા હશે?

3) આરતી પોતાના ઘર માટે ટીવી અને કમ્પ્યુટર ખરીદે છે.તેને બંને વસ્તુની ખરીદી માટે કુલ કેટલા રૂપિયા ચૂકવ્યા
હશે ?

₹ 38999

₹ 42000

4) પાંચ અંકની મોટામાં મોટી સંખ્યામાંથી ત્રણ અંકની મોટામાં મોટી સંખ્યા બાદ કરતા પરિણામ શું મળે?
5) 64350 માં કેટલા ઉમેરતાં 70394 મળે?
6) 96482 માંથી કેટલા બાદ કરતાં 45681 મળે?

ક્ષમતા ક્રમાંક : C-1.1 C-1.3	ભારતીય સંખ્યાપદ્ધતિ સ્થાનકિંમત ના માળખાનો ઉપયોગ કરી સંખ્યાઓને રજૂ કરે પૂર્ણ સંખ્યાઓની તુલના કરે અને ખૂબ મોટી સંખ્યાઓના નામ જાણે અને વાંચી શકે. અંકગણિતની પ્રક્રિયાને સમજે, કલ્પના કરે અને તેમની વચ્ચેના સંબંધો ઓછામાં ઓછા 10×10 (ઘડિયા)ના સરવાળા અને ગુણાકાર જાણે અને રોજિંદા જીવનની સમસ્યાઓના ઉકેલ માટે પૂર્ણ સંખ્યાઓની ચાર મૂળભૂત પ્રક્રિયાઓનું ઉપયોજન કરે.
અધ્યયન નિષ્પત્તિ ક્રમાંક : M501.2	1000 થી મોટી સંખ્યાઓની સ્થાન કિંમતના આધારે સરખામણી કરે છે.

વિભાગ-A હેતુલક્ષી પ્રશ્નો (દરેકનો એક ગુણ)

1) 786728 માં લીટી દોરેલ અંકની કિંમત કેટલી થાય ?
(A) 6 (B) 6000 (C) 60 (D) 60000
2) 496745 માં લીટી દોરેલ અંકની કિંમત કેટલી થાય ?
(A) 900 (B) 90000 (C) 9 (D) 9000
3) મણકાઘોડી જોઈને ખોટો વિકલ્પ પસંદ કરો. (HOT)



(A) ચાર હજાર એકસો ત્રેવીસ
(B) 4123
(C) 4000+100+20+3
(D) 4132
4) નીચે આપેલ સંખ્યાઓ પૈકી સોના સ્થાનમાં 2 હોય તેવી સંખ્યા કઈ ? (HOT)
(A) 1002 (B) ત્રણ હજાર બસો છ
(C) 1205 (D) B અને C બંને
5) નીચે ચાર બોક્સમાં કેરીઓ ભરેલ છે દરેક બોક્સની ઉપર લખેલ સંખ્યા એ તેમાં રહેલ કેરીઓની સંખ્યા બતાવે છે તેમાંથી કયા બોક્સમાં કેરીની સંખ્યા 7800 ની નજીક છે?

(A)
(C)



(B)
(D)



6) આપેલ વિકલ્પોમાંથી સૌથી નાની સંખ્યા કઈ છે?

(A)

(B)

(C)

(D)

7) 5991 ને ઉલ્ટાક્રમમાં લખતા મળતી સંખ્યાનો દશકનો અંક શું થશે?
   (A) 5   (B) 1   (C) 9   (D) આપેલ એક પણ નહિ

8) નીચે આપેલા સંખ્યાઓમાંથી એવી કઈ સંખ્યા છે જેના હજારના અંકની સ્થાનકિંમત 7000 અને દશકના અંકની સ્થાનકિંમત 50 છે.
   (A) 55750   (B)57465   (C)58654   (D)57657

વિભાગ-B અતિ ટૂંક જવાબી પ્રશ્નો(દરેકનો એક ગુણ)

1) 82046 માં બે અને છની સ્થાનકિંમતનો તફાવત ગણો.
2) 92403 માં ત્રણ અને બેની સ્થાનકિંમતનો સરવાળો ગણો.
3) 752193 , 751293 , 752139 , 751239 ને ચડતા ક્રમમાં લખો.
4) 328476 , 328746 ,328764, 328467 ને ઉતરતા ક્રમમાં લખો.
5) 43 હજાર 5 દશક અને 9 એકમમાં હોયતો કઈ સંખ્યા બને અને બનતી નવી સંખ્યામાં હજારની સ્થાનકિંમત શું થાય ?
6) 7320, 7420, ______, 7620માં ખૂટતી સંખ્યા લખો અને તેમાં 100 ના સ્થાને આવતી સંખ્યા લખો ?
7) જો આપેલ સંખ્યા 7382માં હજારના અંક અને દશકના અંકની આપલે કરવામાં આવેતો બનતી નવી સંખ્યાનું મૂલ્ય કેટલું બદલાશે ?

વિભાગ-C ટૂંક જવાબી પ્રશ્નો(દરેકનો 2 ગુણ)

1) 7093 માં 7 ની અને 3953 માં 9 ની સ્થાનકિંમતનો સરવાળો કરો.
2) આપેલ આલેખમાંથી કેરીના ઉત્પાદનની સંખ્યા જાણી તેના એકમ અને સોના સ્થાનમાં રહેલ સંખ્યાઓની સ્થાનકિંમતનો સરવાળો કેટલો થાય ?



3) 984105 માં અંક 8 અને 507230 માં અંક 2ની સ્થાનકિંમતનો સરવાળો કેટલો થાય ?
4) 54680 માંના અંક 5 અને 73211 માંના અંક 3ની સ્થાનકિંમતનો તફાવત કેટલો થાય ?
5) ચિત્રમાં આપેલ બસની ટિકિટ નંબરમાં સોના સ્થાને આવેલો અંક બીજા કયા સ્થાને આવેલો છે તે જણાવો અને બંને અંકોના સ્થાનકિંમતનો તફાવત કેટલો થાય ?

ક્ષમતા ક્રમાંક : C-1.1 C-1.3	ભારતીય સંખ્યાપદ્ધતિ સ્થાનકિંમત ના માળખાનો ઉપયોગ કરી સંખ્યાઓને રજૂ કરે પૂર્ણ સંખ્યાઓની તુલના કરે અને ખૂબ મોટી સંખ્યાઓના નામ જાણે અને વાંચી શકે. અંકગણિતની પ્રક્રિયાને સમજે, કલ્પના કરે અને તેમની વચ્ચેના સંબંધો ઓછામાં ઓછા 10×10 (ઘડિયા)ના સરવાળા અને ગુણાકાર જાણે અને રોજિંદા જીવનની સમસ્યાઓના ઉકેલ માટે પૂર્ણ સંખ્યાઓની ચાર મૂળભૂત પ્રક્રિયાઓનું ઉપિયોજન કરે.
અધ્યયન નિષ્પત્તિ ક્રમાંક : M501.3	આપેલ સંખ્યાઓને તેમના નજીકના દસ, સો, હજાર, દસ હજાર, લાખ અને કરોડમાં દર્શાવે છે

વિભાગ-A હેતુલક્ષી પ્રશ્નો (દરેકનો એક ગુણ)

1) 56789 નું નજીકના 10ના આધારે મૂલ્ય શું થાય ?
(A) 56780 (B) 56700 (C) 56790 (D) 56800

2) 412103 નું નજીકના 100ના આધારે મૂલ્ય શું થાય ?
(A) 412105 (B) 412110 (C) 412100 (D) 412203

3) 3458 નું નજીકના 10ના આધારે મૂલ્ય શું થાય?
(A) 3460 (B) 3450 (C) 3400 (D) 346

4) 9181 નું નજીકના 100ના આધારે મૂલ્ય શું થાય ?
(A) 9400 (B) 9500 (C) 9581 (D) 9200

5) 871263 ને 1000ના આધાર પર નજીકની સંખ્યામાં શું લખાય ?
(A) 871000 (B) 872000 (C) 871200 (D) 870263

6) 168 ને 100ના આધાર પર નજીકની સંખ્યામાં શું લખાય ?
(A) 200 (B) 160 (C) 100 (D) 26

7) નીચેની સંખ્યારેખામાં તીર દ્વારા કઈ સંખ્યા દર્શાવવામાં આવી છે, મળતી સંખ્યાનું નજીકના 100ના આધારે મૂલ્ય શું થાય ?

(A) 7201 (B) 7225 (C)7245 (D)7249

વિભાગ-**B** અતિ ટૂંક જવાબી પ્રશ્નો**(**દરેકનો એક ગુણ)

1) 7652નું નજીકના 100ના આધારે અંદાજિત મૂલ્ય શું થાય ?
2) 56782નું નજીકના 1000ના આધારે અંદાજિત મૂલ્ય શું થાય ?
3) 788903નું નજીકના 100ના આધારે અંદાજિત મૂલ્ય શું થાય ?
4) 8032510નું નજીકના 1000ના આધારે અંદાજિત મૂલ્ય શું થાય ?
5) 757642નું નજીકના 10000ના આધારે અંદાજિત મૂલ્ય શું થાય ?
6) 9900માં કેટલા દસ ઉમેરતા 10000 મળશે?
7) 29292 અને 21496નું નજીકના 1000ના આધારે અંદાજિત મૂલ્ય શોધી તેમનુ સરવાળો કરતાં કઈ સંખ્યા મળે?

વિભાગ-**C** ટૂંક જવાબી પ્રશ્નો**(**દરેકનો **2** ગુણ**)**

1) 51નું 10ના આધારે અંદાજિત મૂલ્ય અને 78 નું 10ના આધારે અંદાજિત મૂલ્ય શોધી સરવાળો કરો.

2) 92નું 10ના આધારે અંદાજિત મૂલ્ય અને 46 નું 10ના આધારે અંદાજિત મૂલ્ય શોધી બાદબાકી કરો.

3) 436નું 100ના આધારે અંદાજિત મૂલ્ય અને 572નું 100ના આધારે અંદાજિત મૂલ્ય શોધી સરવાળો કરો.

4) 5465નું 1000ના આધારે અંદાજિત મૂલ્ય અને 3211નું 1000ના આધારે અંદાજિત મૂલ્ય શોધી બાદબાકી કરો.

ક્ષમતા ક્રમાંક : C-1.1 C-1.3	ભારતીય સંખ્યાપદ્ધતિ સ્થાનકિંમત ના માળખાનો ઉપયોગ કરી સંખ્યાઓને રજૂ કરે પૂર્ણ સંખ્યાઓની તુલના કરે અને ખૂબ મોટી સંખ્યાઓના નામ જાણે અને વાંચી શકે. અંકગણિતની પ્રક્રિયાને સમજે, કલ્પના કરે અને તેમની વચ્ચેના સંબંધો ઓછામાં ઓછા 10×10 (ઘડિયા)ના સરવાળા અને ગુણાકાર જાણે અને રોજિંદા જીવનની સમસ્યાઓના ઉકેલ માટે પૂર્ણ સંખ્યાઓની ચાર મૂળભૂત પ્રક્રિયાઓનું ઉપિયોજન કરે.
અધ્યયન નિષ્પત્તિ ક્રમાંક: M501.4	કરોડ સુધીની સંખ્યાઓના સરવાળા બાદબાકી કરે છે

વિભાગ-A હેતુલક્ષી પ્રશ્નો (દરેકનો એક ગુણ)

1) શાળાના બગીચામાં કરેણના કુલ 113 છોડ, ગુલાબના કુલ 105 છોડ, તુલસીના કુલ 134 છોડ અને મહેંદીના કુલ 209 છોડ છે. તો શાળાના બગીચામાં કુલ કેટલા છોડ થાય ?
(A) 561 (B) 416 (C) 601 (D) 468

2) અંશભાઈ પાસે 27323 રૂપિયા અને અયાનભાઈ પાસે 75460 રૂપિયા છે તો બંનેના મળીને કુલ કેટલા રૂપિયા થશે?
(A) 102883 (B) 102877 (C) 102738 (D) 102783

3) એક નગરમાં 96684 લીમડાના અને 45272 વડના વૃક્ષો છે તો તે નગરમાં કુલ કેટલાં વૃક્ષો થશે?
(A) 141956 (B) 141596 (C) 151956 (D) 151469

4) એક તાલુકાના ધોરણ-5માં 9467 વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. તેમાંથી 5590 છોકરીઓ છે,તો તે તાલુકાના ધોરણ-5માં અભ્યાસ કરતાં છોકરાઓની સંખ્યા કેટલી હશે?
(A) 3087 (B) 3877 (C) 3787 (D) 3778

5) 3198 – 2456 = 4892 - ______
(A) 4069 (B) 4211 (C) 4139 (D) 4150

6) 208+ 30+ 375- 38= 375+______
(A) 200 (B) 230 (C) 400 (D) 4

વિભાગ-B અતિ ટૂંક જવાબી પ્રશ્નો(દરેકનો એક ગુણ)

1) 98355 અને 81303 ની બાદબાકી કરો.
2) 98349 +34690 – 34690= ....
3) મોન્ટુ કાપડની દુકાનમાંથી 1400 રૂપિયાનું પેન્ટ અને 1200 રૂપિયાનો શર્ટ ખરીદે છે. મોન્ટુ દુકાનદારને 3000 રૂપિયા આપે છે તો દુકાનદાર તેને કેટલા રૂપિયા પાછા આપશે ?
4) દક્ષની મમ્મીએ તેને 1000 રૂપિયા આપ્યા જેમાંથી તેણે 450 રૂપિયાની નોટબુક અને 150 રૂપિયાનો કંપાસ લીધો તો હવે તેની પાસે કેટલા રૂપિયા બચ્યા હશે ?
5) 4921 ના અંકોને ઉલ્ટાક્રમમાં ગોઠવતા જે સંખ્યા મળે તેને મૂળ સંખ્યા માંથી બાદ કરતા કઈ સંખ્યા મળે?

5) નીચે આપેલ આલેખના મુજબ હોસ્ટેલનો ખર્ચ 6000 રૂપિયા છે.તો કુલ ખર્ચમાંથી કપડાંનો ખર્ચ બાદ કરતાં કેટલા રૂપિયા વધે? (HOT)



(6) મહાનગરપાલિકાના સૌથી મોટા પુસ્તકાલયમાં 762648 પુસ્તકો છે. તેમાંથી નુકસાન પામેલા પુસ્તકોની સંખ્યા 4894 છે. નુકસાન પામેલા પુસ્તકોને દૂર કરતાં અને નવા 3054 પુસ્તક લાવતા હવે પુસ્તકાલયમાં કેટલા પુસ્તકો થશે ? (HOT)

(7) 4921 ના અંકોને ઉલ્ટાક્રમમાં ગોઠવતા જે સંખ્યા મળે તેને મૂળ સંખ્યા માંથી બાદ કરતા કઈ સંખ્યા મળે ?

(8) 87+ 87+ 87+ 87- 86- 86- 86- 86= 2 વાર_______

(9) કેટલી વાર છ ને 60 માંથી બાદ કરતા 48 મળે ?

વિભાગ-C ટૂંક જવાબી પ્રશ્નો(દરેકનો 2 ગુણ)

1) નૈતિક એક ક્રિકેટનો ખેલાડી છે. તેણે ટેસ્ટ મેચમાં અત્યાર સુધીમાં 18920 રન બનાવ્યા છે. નૈતિકને 20000 રન પૂર્ણ કરવા હજુ કેટલા રનની જરૂર છે ?

2) એક દુકાનદારની વાર્ષિક આવક 840571 રૂપિયા છે. જો દુકાનદારનો વાર્ષિક ખર્ચ 547321 રૂપિયા હોય તો તેની વર્ષના અંતે બચત કેટલા રૂપિયા થશે ?

3) એક ગામની વર્ષ 2020 માં કુલ વસ્તી 16496 હતી અને 2024 માં તે ગામની કુલ વસ્તી 18642 છે. તો ચાર વર્ષમાં ગામની વસ્તીમાં કેટલાનો વધારો થયો ?

4) કોષ્ટકમાં આપેલી તમામ વસ્તુઓને માહી દુકાનેથી ખરીદે છે. જો માહી દુકાનદારને રૂપિયા 2000 આપે તો દુકાનદાર તેને કેટલા રૂપિયા પાછા આપશે ? (HOT)

વસ્તુ	કિંમત
તેલ (15 લિટર)	1350 રૂપિયા
ચોખા (5 કિલોગ્રામ)	235 રૂપિયા
દાળ (3 કિલોગ્રામ)	345 રૂપિયા

5) એક પરિવારનો એક માસનો ખર્ચ આ પ્રમાણે છે. રસોઈનો ખર્ચ 8478 રૂપિયા, અભ્યાસનો ખર્ચ 7488 રૂપિયા, પરિવહનનો ખર્ચ 2911 રૂપિયા, અન્ય ખર્ચ 4242 રૂપિયા છે. તો આ પરિવારનો એક માસનો કુલ ખર્ચ કેટલા રૂપિયા થાય ?

ક્ષમતા ક્રમાંક : C-1.1	ભારતીય સંખ્યાપદ્ધતિ સ્થાનકિંમતના માળખાનો ઉપયોગ કરી સંખ્યાઓને રજૂ કરે, પૂર્ણ સંખ્યાઓની તુલના કરે અને ખૂબ મોટી સંખ્યાઓના નામ જાણે અને વાંચી શકે.
C-1.3	અંકગણિતની પ્રક્રિયાને સમજે, કલ્પના કરે અને તેમની વચ્ચેના સબંધો, ઓછામાં ઓછું 10X10 (ઘડિયા)ના સરવાળા અને ગુણાકાર જાણે અને રોજીંદા જીવનની સમસ્યાઓના ઉકેલ માટે પૂર્ણ સંખ્યાઓની ચાર મૂળભૂત પ્રક્રિયાઓનું ઉપયોજન કરે.
અધ્યયન નિષ્પતિ ક્રમાંક: M501.7	ચાર મૂળભુત ક્રિયાઓના પરિણામ નો અંદાજ કાઢે છે તથા ચકાસણી કરે છે.

વિભાગ – [A] હેતુલક્ષી પ્રશ્નો (દરેકનો એક ગુણ)

(1) છ અંકની નાનામાં નાની સંખ્યામાં પાંચ અંકની મોટામાં મોટી સંખ્યા ઉમેરતા પરિણામ શું મળે ?

(A) 109999 (B) 199999
(C) 100999 (D) 190999

(2) એક શહેરની વસ્તી 40728 છે. તેમાં 60 વર્ષથી મોટી ઉંમરના વ્યક્તિઓ 24239 છે, તો 60 વર્ષથી નાની ઉંમરની કેટલી વ્યક્તિઓ હશે?

(A) 16498 (B) 16489
(C) 16849 (D) 16948

(3) એક ગામમાં 5600 માણસો રહે છે. જેમાં 2550 સ્ત્રીઓ છે, તો પુરુષોની સંખ્યા કેટલી હશે?

(A) 3150 (B) 3510
(C) 3350 (D) 3050

(4) 2999 માં એક ઉમેરતાં પરિણામ શું મળે?

(A) 3000 (B) 29991
(C) 3999 (D) 29910

(5) 99999 માંથી 10099 બાદ કરતાં પરિણામ શું મળે?

(A) 99100 (B) 98900
(C) 89900 (D) 99800

(6) 63290 માં કેટલા ઉમેરતા 80280 મળે ?

(A) 16990 (B) 19690
(C) 19960 (D) 16690

(7) 70740 માંથી કેટલાં બાદ કરતાં 40200 મળે?

(A) 35040 (B) 30540
(C) 34050 (D) 30450

(8) મિતલ એક એવું જહાજ પસંદ કરવા માંગે છે જેનો સરવાળો સૌથી નાનો હોય, તો તે કયું જહાજ પસંદ કરશે?

(A)



(B)



(C)

(D)



વિભાગ - [B] અતિ ટૂંક જવાબી પ્રશ્નો (દરેકનો એક ગુણ)

(1) ધોરણ 5 ના 26 બાળકો દર મહિને એક એક રુપિયો બચાવે છે, તો એક વર્ષમાં કેટલાં રુપિયા એકઠા
થશે?

(2) આપેલ આકૃતિ પરથી નીચેના પ્રશ્નોના જવાબ આપો.





M.R.P ₹8 M.R.P ₹30 M.R.P ₹45

a) એક ડઝન નોટબુકની કિંમત કેટલાં રુપિયા થાય?
b) એક બૉક્સમાં 20 બોલપેન આવે છે, તો આવા પાંચ બોક્સની કિંમત કેટલી થશે ? (HOT)
c) ₹360 ના કેટલા કંપાસ ખરીદી શકાય?
d) ચાર નોટબુક, એક કંપાસ અને બે બોલપેનના કુલ કેટલા રુપિયા ચૂકવવા પડે ?
e) પાંચ કંપાસની કિંમત કેટલી થાય ?

(3) સ્ટેચ્યુ ઓફ યુનિટીમાં એક દિવસમાં મુલાકાત કરનાર વ્યક્તિઓ 15570 હતા. બીજા દિવસે મુલાકાત કરનાર વ્યક્તિઓ 12320 હતા, તો બે દિવસની અંતે કુલ કેટલા વ્યક્તિઓએ મુલાકાત લીધી હશે?

વિભાગ - **[C] ટૂંક જવાબી પ્રશ્નો (દરેકના બે ગુણ)**

(1) એક બૉક્સમાં 330 કેરીઓ હતી. બીજા બૉક્સમાં તેના કરતાં 40 કેરીઓ ઓછી હતી, તો બંને બૉક્સની કુલ કેટલી કેરીઓ થાય ?

(2) એક પેટીમાં 22 નંગ મોસંબી સમાય છે, તો વેપારીને 3410 કેરી ભરવા માટે કેટલા બોક્સ ની જરૂર પડશે ?

(3) રાજલ પાસે 200 રૂપિયા છે. તેણે પાંચમા ભાગના રૂપિયા ખર્ચી કંપાસ ખરીદ્યો, તો હવે તેની પાસે કેટલા રૂપિયા વધ્યા હશે ?

(4) એક શહેરમાં 24520 વૃક્ષો હતા. વૃક્ષારોપણ કરી 2350 નવા વૃક્ષો વાવ્યા. તેમાંથી વાવાઝોડામાં 250 વૃક્ષો પડી ગયા, તો શહેરમાં કેટલાં વૃક્ષો હશે ?

ક્ષમતા ક્રમાંક : C-1.1 C-1.3	ભારતીય સંખ્યાપદ્ધતિ સ્થાનકિંમતના માળખાનો ઉપયોગ કરી સંખ્યાઓને રજૂ કરે, પૂર્ણ સંખ્યાઓની તુલના કરે અને ખૂબ મોટી સંખ્યાઓના નામ જાણે અને વાંચી શકે. અંકગણિતની પ્રક્રિયાને સમજે, કલ્પના કરે અને તેમની વચ્ચેના સબંધો, ઓછામાં ઓછું 10X10 (ઘડિયા)ના સરવાળા અને ગુણાકાર જાણે અને રોજીંદા જીવનની સમસ્યાઓના ઉકેલ માટે પૂર્ણ સંખ્યાઓની ચાર મૂળભૂત પ્રક્રિયાઓનું ઉપયોજન કરે.
અધ્યયન નિષ્પતિ ક્રમાંક: M501.8	સ્થાન કિંમતની સમજના આધારે 1,000 થી મોટી સંખ્યાઓ પર ચાર મૂળભૂત ક્રિયાઓ કરે છે

વિભાગ- **[A]** હેતુલક્ષી પ્રશ્નો **(દરેક્ના એક ગુણ)**

(1) 538218 માં અંક 8 ની સ્થાનકિંમતનો સરવાળો કેટલો થાય?

(A) 8008 (B) 16

(C) 8218 (D) 8800

(2) 325981 માં લીટી દોરેલ અંકની સ્થાનકિંમત કેટલી છે?

(A) 2 (B) 2000

(C) 20000 (D) 200

(3) 540237 માં 0 ની સ્થાનકિંમત કેટલી છે?

(A) 1000 (B) 100

(C) 10 (D) 0

(4) 125438 માં કયા અંકની સ્થાનકિંમત વધારે છે?

(A) 2 (B) 1

(C) 3 (D) 5

(5) 403568માં કયા અંકની સ્થાનકિંમત સૌથી ઓછી છે?

(A) 0 (B) 4

(C) 8 (D) 6

(6) 5461 અને 5642 આ બે સંખ્યાઓમાં 4 ની સ્થાનકિંમત વચ્ચેનો તફાવત કેટલો થાય?

(A) 440 (B) 360

(C) 460 (D) 340

(7) 504024 માં બંને 4ની સ્થાનકિંમતનો ગુણાકાર કેટલો થાય?

(A) 1600 (B) 4004

(C) 16000 (D) 8000

વિભાગ- **[B]** અતિ ટૂંક જવાબી પ્રશ્નો **(**દરેકના એક ગુણ**)**

(1) 839521 માં 3ની સ્થાનકિંમત અને 5 ની સ્થાનકિંમતનો તફાવત કેટલો થાય?

(2) મેઘાના બેંક ખાતામાં ₹ 34207 હતા .તેમાં ₹ 5243 જમા કરાવ્યા, તો હવે તેના ખાતામાં કેટલા રૂપિયા હશે?

(3) 8808 ÷ 8 કરતાં પરિણામ શું મળે?

(4) 94320 ના ત્રણ સરખા ભાગ કરતાં પરિણામ શું મળે ?

(5) 340258માં 4ની સ્થાનકિંમત અને 8ની સ્થાનકિંમતનો ભાગાકાર કેટલો થાય?

ક્ષમતા ક્રમાંક : C-1.1 C-1.3	ભારતીય સંખ્યાપદ્ધતિ સ્થાનકિંમતના માળખાનો ઉપયોગ કરી સંખ્યાઓને રજૂ કરે, પૂર્ણ સંખ્યાઓની તુલના કરે અને ખૂબ મોટી સંખ્યાઓના નામ જાણે અને વાંચી શકે. અંકગણિતની પ્રક્રિયાને સમજે, કલ્પના કરે અને તેમની વચ્ચેના સબંધો, ઓછામાં ઓછું 10X10 (ઘડિયા)ના સરવાળા અને ગુણાકાર જાણે અને રોજીંદા જીવનની સમસ્યાઓના ઉકેલ માટે પૂર્ણ સંખ્યાઓની ચાર મૂળભૂત પ્રક્રિયાઓનું ઉપયોજન કરે.
અધ્યયન નિષ્પતિ ક્રમાંક: M504	લંબાઈ,વજન અને ગુંજાશ જેવી રાશિઓના મોટા અને નાના એકમો જાણે છે તથા તેમની વચ્ચેનો સંબંધ જાણે છે અને નાના એકમોનું મોટા એકમોમાં અને મોટા એકમોનું નાના એકમોમાં પરસ્પર રૂપાંતર કરે છે.

વિભાગ **[A]** હેતુંલક્ષી પ્રશ્નો **(**દરેકનો એક ગુણ**)**

(1) મોટેભાગે દવાની ગોળીનું વજન કયા એકમમાં માપવામાં આવે છે?
(A) કિલોગ્રામ (B) મિલિગ્રામ (C) ગ્રામ (D) ટન

(2) 3 ટન =............... કિલોગ્રામ થાય.
(A) 300 (B) 3000 (C) 30000 (D) 330

(3) 5 કલાક =.........મિનિટ
(A) 65 (B) 105 (C) 300 (D) 350

(4) 2300 કિલોગ્રામ=..................કિલો ....ગ્રામ થાય.

(5) 250 સેમી =............... મીટર................ સેમી થાય.

(6) નીચેનામાંથી કોનું વજન લગભગ 20 ગ્રામ હોઈ શકે છે?
(A) એક વાળ (B) પેન્સિલનો એક સંચો
(C) એક ખાંડનો દાણો (D) એક નારંગી

ક્ષમતા ક્રમાંક : C-1.1 C-1.3	ભારતીય સંખ્યાપદ્ધતિ સ્થાનકિંમતના માળખાનો ઉપયોગ કરી સંખ્યાઓને રજૂ કરે, પૂર્ણ સંખ્યાઓની તુલના કરે અને ખૂબ મોટી સંખ્યાઓના નામ જાણે અને વાંચી શકે. અંકગણિતની પ્રક્રિયાને સમજે, કલ્પના કરે અને તેમની વચ્ચેના સબંધો, ઓછામાં ઓછું 10X10 (ઘડિયા)ના સરવાળા અને ગુણાકાર જાણે અને રોજીંદા જીવનની સમસ્યાઓના ઉકેલ માટે પૂર્ણ સંખ્યાઓની ચાર મૂળભૂત પ્રક્રિયાઓનું ઉપયોજન કરે.
અધ્યય નિષ્પતિ ક્રમાંક: M506	નાણું , લંબાઈ ,વજન ,ગુંજાશ અને સમય આધારિત કોયડાઓ ગણિતની ચાર મૂળભૂત ક્રિયાઓના ઉપયોગ દ્વારા ઉકેલે છે.

વિભાગ- [A] હેતુલક્ષી પ્રશ્નો (દરેકનો એક ગુણ)

(1) એક સાઇકલ ચાલકને અંદાજે એક કલાકમાં 8 કિમી જેટલું અંતર કાપે છે, તો 20 કિમી અંતર કાપવા માટે કેટલો સમય લાગશે?

(A) 2 કલાક 20 મિનિટ (B) 2 કલાક 30 મિનિટ
(C) 2 કલાક 50 મિનિટ (D) 2 કલાક 40 મિનિટ

(2) પ્રતિક ટીવી અને ફ્રિજ બંને ખરીદે, તો તેણે કુલ કેટલા રૂપિયા ચુકવવા પડશે?



M.R.P ₹46500



M.R.P ₹ 52770

(A) ₹ 90770 (B) ₹ 97270
(C) ₹ 99270 (D) ₹ 92970

(3) સર્વમે બેંક પાસેથી ₹ 289000 ની લોન લીધી હતી. તે બેંકને ₹ 300000 પરત આપે છે, તો તેણે બેંકને કેટલા રૂપિયા વધારે રકમ ચૂકવી હશે?

(A) ₹11111 (B) ₹10010
(C) ₹10100 (D) ₹11000

(4) રાધિકાના બેંક ખાતામાં ₹ 300000 જમા હતા. તેમાંથી તેણે ₹109500 ઉપાડ્યા, તો તેના ખાતામાં કેટલા રૂપિયા બાકી રહે?

(A) ₹190500 (B) ₹195000
(C) ₹109500 (D) ₹192500

(5) કાર 7કલાકમાં કેટલું અંતર કાપશે?

ઝડપ **60** કિમી **/** કલાક

(A) 320 કિમી (B) 420 કિમી (C) 520 કિમી (D) 620 કિમી

(6) આકૃતિમાં તરબૂચનું વજન કેટલું થશે? (HOT)



(A) 650 ગ્રામ (B) 850 ગ્રામ (C) 750 ગ્રામ (D) 550 ગ્રામ

(7) હિતેશભાઈ તેના કેટલાક મિત્રો સાથે આ પ્રદર્શનની મુલાકાત લેવા માંગે છે. જો હિતેશભાઈ પાસે 130 રૂપિયા હોય, તો તે પોતાના સિવાય વધુમાં વધુ તેના કેટલા મિત્રો માટે પ્રવેશ ફી ચૂકવી શકે?



(A) 5 (B) 6

(C) 7 (D) 8

(8) એક ગાડી A શહેરથી સવારે 10:10 વાગે ઉપડે છે. આ ગાડીને B શહેર પહોંચતાં 1 કલાક અને 32 મિનિટ લાગે છે, તો તે કેટલા વાગે B શહેર પહોંચશે ?

(A) બપોરે 12:10 PM (B) 11:42 AM

(C) બપોરે 1:00 PM (D) બપોરે 2:10 PM

(9) ફૂટબોલની રમતમાં કુલ 90 મિનિટનો રમવાનો સમય હોય છે. રમત અડધી થાય ત્યારે 20 મિનિટનો વિરામ હોય છે. ફૂટબોલ મેચ બપોરે 1:25 વાગે શરૂ થાય છે, તો મેચ કેટલા વાગે સમાપ્ત થશે?

(A) 3:15 PM (B) 4:15 PM

(C) 4:30 PM (D) 3:05 PM

(10) આ બિસ્કીટ પેકેટ રેપરનો એક ભાગ છે. તેના પરની માહિતી પરથી આમાંથી શું જાણી શકાય છે?



(A) આ પેકેટમાં બિસ્કિટની સંખ્યા

(B) દરેક બિસ્કિટની કિંમત

(C) બિસ્કિટ પેકેટનું કુલ વજન

(D) બિસ્કિટનો કિલો દીઠ ખર્ચ

(11) અક્ષય તેના કેલ્ક્યુલેટરનો ઉપયોગ કરીને 4507 માંથી 829 બાદ કરવા માગતો હતો. તેણે ભૂલથી 4207 માંથી 829 બાદ કર્યા. આ ભૂલ સુધારવા માટે તે શું કરી શકે?

(A) 3 ઉમેરશે (B) 300 ઉમેરશે (C) 3 બાદ કરશે (D) 300 બાદ કરશે

વિભાગ- [B] અતિ ટૂંક જવાબી પ્રશ્નો (દરેકનો એક ગુણ)

(1) વિજાપુર-સુરત બસ સવારે 7:50 કલાકે અમદાવાદથી નીકળી બપોરે 1:10 કલાકે સુરત પહોંચે છે, તો બસ કેટલા સમયમાં સુરત પહોંચી હશે?

(2) 6 લિટર કેરીના રસમાંથી 250 મિલિની કેટલી બૉટલો ભરી શકાય?

(3) નીચે આપેલ કોષ્ટક પરથી પ્રશ્નોના જવાબ આપો.

ફળ		ભાવ (રુપિયા/કિગ્રા)
સફરજન		120
કેળા		80
કેરી		70
જમરૂખ		80

a) એક કિગ્રા કેરી અને બે કિગ્રા જમરૂખના કેટલા રૂપિયા થાય ?
b) સફરજનનો ભાવ કેળા કરતાં કેટલો વધારે છે ?
c) કયા બે ફળોનો ભાવ સરખો છે ?
d) સૌથી મોંઘુ ફળ કયું છે ?
e) 5 કિગ્રા સફરજનના કેટલા રૂપિયા થાય ?

(4) એક કિગ્રા કેરીમાંથી $\frac{2}{3}$ કિગ્રા જેટલો રસ તૈયાર થાય છે, તો 15 કિગ્રા કેરીનો રસ કાઢતાં કેટલા કિગ્રા રસ તૈયાર થશે ?

(5) આવી પાંચ ઈંટનું વજન કેટલા કિલોગ્રામ થાય ?

વજન 1.400 કિગ્રા

(6) ભાવિકના ઘરની માસિક આવક ₹41500 છે. તેમાંથી ઘરખર્ચ બાદ કરતાં માસિક ₹9000ની બચત કરે છે,તો ભાવિકે ઘરખર્ચ માટે કેટલા રૂપિયા ખર્ચા હશે ?

(7) એક બળદગાડું અંદાજે એક કલાકમાં સાત કિમી અંતર કાપે છે,તો 63 કિમી અંતર કાપવા બળદગાડાને કેટલો સમય લાગશે ?

(8) આવી આઠ નોટના છુટ્ટા કરાવતાં ₹50 ની કેટલી નોટ મળે?

(9) ... j કુલ વજન કેટલું થાય?

(10 ... વસના અંતે તેણે કેટલા રૂપિયાની કેરી

વિભાગ-[C] ટૂંક જવાબી પ્રશ્નો (દરેકના બે ગુણ)

(1) નીચે આપેલ કોષ્ટક પરથી પ્રશ્નોના જવાબ આપો

વાહનનો પ્રકાર	એક ફેરામાં કેરીનું થતું વહન (કિગ્રામાં)	વાહનની ઝડપ(એક કલાકમાં કપાતું અંતર કિમીમાં)
છકડો- રીક્ષા	650	15
ટ્રેક્ટર	810	22

a) ટ્રેક્ટર 5 કલાકમાં કેટલું અંતર કાપશે?
b) છકડો-રીક્ષા 6 ફેરામાં કેટલા કિલોગ્રામ કેરીનું વહન કરશે ?
c) ટ્રેક્ટરને 198 કિમી અંતર કાપતાં કેટલો સમય લાગશે ?
d) છકડો-રીક્ષા 4 ફેરા અને ટ્રેક્ટર 3 ફેરા કરે છે, તો કયા વાહને વધારે કેરીનું વહન કર્યું હશે ?

(2) જાનવી અને તેનો ભાઈ બચતબેંકમાં દર મહિને વ્યક્તિ દીઠ ₹600 જમા કરાવે છે, તો એક વર્ષના અંતે કુલ કેટલા રૂપિયા જમા થયા હશે ?

(3) અક્ષયની માસિક બચત ₹ 2500 હોય તો કેટલા મહિનાની બચત પછી તેની પાસે ₹ 30000ની બચત થાય?

(4) જો ફુલાવરનો ભાવ એક કિગ્રાનો ₹ 50 અને કોબીજનો ભાવ એક કિગ્રાનો ₹60 છે. રાહુલભાઈ ત્રણ કિલોગ્રામ ફુલાવર અને ત્રણ કિલોગ્રામ કોબીજ ખરીદે છે, તો કેટલા રૂપિયા ચૂકવવા પડશે ?

(5) એક દુકાનદાર ₹120ના એક ડઝન નોટબુક્સ વેચે છે. જો વિનોદભાઈ 18 ડઝન નોટબુક ખરીદે છે અને દુકાનદારને ₹ 2200 આપે છે, તો દુકાનદાર વિનોદભાઈને કેટલા રૂપિયા પાછા આપશે?

(6) વિરલબેન એક દુકાનમાંથી 2 લિટરનું કૂકર ખરીદે છે. જો કે,તે બીજા દિવસે પોતાનો વિચાર બદલી નાખે છે. દુકાનમાં જઇને 2 લિટરના કૂકરને પરત કરી 4 લિટરનું કૂકર ખરીદે છે અને ₹1000 વધારાની રકમ ચૂકવે છે, તો તેને કેટલી રકમ દુકાનદાર પરત કરશે? (HOT)



2 લિટર
M.R.P ₹ 1150

4 લિટર
M.R.P ₹1800

(7) એક ફ્રિજને ₹17920 માં વેચતાં તેના દુકાનદારને ₹1090 ની ખોટ થાય છે, તો તે આ ફ્રીજને કેટલામાં વેચશે કે જેથી તેને ₹1090 નો નફો થાય?

વિભાગ-**[D]** નિબંધ પ્રકારના પ્રશ્નો **(દરેકના ત્રણ ગુણ)**

(1) સેજલબેને એક લારી ખરીદવા માટે ₹6000 ની લોન લીધી હતી. તેણે એક વર્ષ સુધી દર મહિને ₹550 જમા
કરાવ્યા, તો તેણે કેટલા રૂપિયા વધારે ચૂકવ્યા હશે ?

(2) રાજ અને તેની બહેને કલમી જામફળના નવા છોડવા ખરીદવા ₹20000ની લોન લીધી. તેમણે એક વર્ષમાં કુલ
₹22800 પાછા ચૂકવ્યા, તો તેમણે દરેક મહિને કેટલા રૂપિયા ચૂકવ્યા હશે ?

(3) 120 કિલોગ્રામ વલસાડી તોતાપુરી કેરીના ₹4800 હોય, તો ₹600ની કેટલા કિલોગ્રામ કેરી ખરીદી
શકાય ? (HOT)

(3) ટ્રેક્ટર એક કલાકમાં 22 કિમી અંતર કાપે છે તથા બળદગાડું એક કલાકમાં 3 કિમી અંતર કાપે છે, તો બળદગાડું
કરતાં ટ્રેક્ટર બે કલાકમાં કેટલું વધારે અંતર કાપ્યું હશે? (HOT)

ક્ષમતા ક્રમાંક C-2.1	દ્વિ અને ત્રિપરિમાણીય આકારોને ઓળખે, તુલના કરે અને તેના લક્ષણોનું વિશ્લેષણ કરે તથા તેના લક્ષણો/ ગુણધર્મોનું વર્ણન કરવા માટેનું શબ્દભંડોળ વિકસાવે.
L0 ક્રમાંક : M503.1	ખૂણાઓને કાટકોણ, લઘુકોણ અને ગુરુકોણમાં વર્ગીકૃત કરે છે. તેમજ તેને દોરીને / ટ્રેસ કરીને રજૂ કરે છે.

વિભાગ : **A** હેતુલક્ષી પ્રશ્નો **(દરેકનો એક ગુણ)**

(a) બહુવિકલ્પ પ્રશ્નો.

(1) આપેલ આકૃતિમાં સૌથી મોટો ખૂણો કયો છે ?



(A) (B) (C) **(D)**

(2) આપેલ મૂળાક્ષરમાં કેટલા કાટખૂણા છે ?



(A) 2 (B) 4

(C) 3 (D) 5

(3) આપેલ આકારમાં કાટકોણથી નાના ખૂણાની સંખ્યા જણાવો.



(A) 6 **(B) 2**

(C) 4 (D) 5

(4) નીચેના પૈકી કયા અંગ્રેજી મૂળાક્ષરમાં ફક્ત કાટખૂણા જોવા મળે છે ?

E K P

W

a b c d

(A) a અને b (B) b અને c **(C) a અને c** (D) b અને d

(5) આપેલ આકૃતિમાં દર્શાવેલ ખૂણાનો પ્રકાર જણાવો.

(A) કાટકોણ

(B) કાટકોણથી નાના

(C) કાટકોણથી મોટા

(D) આપેલ પૈકી એકપણ નહિ.

(6) કઈ આકૃતિ માત્ર ત્રણ ખૂણા ધરાવે છે ?

(A) (B)

(C) (D)

(7) આપેલ અંગ્રેજી શબ્દમાં કાટખૂણાથી મોટા ખૂણા કેટલા બને છે ?

ANGLE

(A) 1 **(B) 2** (C) 3 (D) 4

(8) આપેલ આકૃતિમાં કુલ ત્રિકોણની સંખ્યા કેટલી છે ? (HOT)

(A) 7
(B) 6
(C) **8**
(D) 9

(9) નીચે આપેલ નામમાં કાટખૂણાથી નાના માપના કુલ કેટલા ખૂણા બને છે ?

DEVA

(A) 1 (B) 2
(C) 3 **(D) 4**

(10) આપેલ આકૃતિમાં 180° થી મોટા માપના કેટલા ખૂણા છે?



(A)1 (B)2
(C)3 (D)4

(11) એક વર્તુ[...] અને 180° ના ખૂણામાં વહેંચ્યા બાદબાકી રહેલા ભાગનો ખૂણો કેટલો રહેશે?

(A)180° (B)270° (C)120° (D)360°

(12) આકૃતિમાં દર્શાવેલ ખૂણો કેટલા માપનો હશે?



(A)135 °
(B)45°
(C)120 °
(D)140°

(13) [...]ના માપનો હશે?



(A)60 °
(B)45°
(C)30°
(D)90°

(14) 5.45° ના બમણા કરી તેમાં 20° ઉમેરતા તે ખૂણાનું માપ કેટલું થશે?

(A)કાટકોણથી નાનું (B)કાટકોણથી મોટું (C)કાટકોણ (D) એકપણ નહિ

(b) ખાલી જગ્યા પૂરો.

(1)  આકૃતિમાં કુલ .... ખૂણા બને છે ?

(2) E મૂળાક્ષરમાં કુલ .... ખૂણા બને છે ?

(3) 45° નો ખૂણો એટલે કાટખૂણાનો .... ભાગ.

(e) વર્ગીકરણ કરો.

(1) ઘડિયાળના બે કાંટા વચ્ચે બનતા ખૂણાનું કાટકોણ, કાટકોણથી મોટા અને કાટકોણથી નાના ખૂણામાં વર્ગીકરણ કરો.





આકૃતિ – 1	આકૃતિ -2	આકૃતિ – 3
કાટકોણ	કાટકોણથી મોટા	કાટકોણથી નાના ખૂણા

(2) આપેલ સમય મુજબ ઘડિયાળના બે કાંટા વચ્ચે બનતા ખૂણાનું કાટકોણ, કાટકોણથી મોટા અને કાટકોણથી નાના ખૂણામાં વર્ગીકરણ કરો.

8:45 11:30 2:15 3:00 8:05 10:50

કાટકોણ	કાટકોણથી મોટા	કાટકોણથી નાના ખૂણા

(3) મૂળાક્ષર બનતા ખૂણાનું કાટકોણ, કાટકોણથી મોટા અને કાટકોણથી નાના ખૂણામાં વર્ગીકરણ કરો.







મૂળાક્ષર- A	મૂળાક્ષર- L	મૂળાક્ષર- K
કાટકોણ	કાટકોણથી મોટા	કાટકોણથી નાના ખૂણા

વિભાગ - (B) અતિ ટૂંક જવાબી પ્રશ્નો

(a) નીચેના પ્રશ્નોના એક બે શબ્દોમાં જવાબ આપો.

(1) અંગ્રેજી મૂળાક્ષર V માં કયા પ્રકારનો ખૂણો બને છે ?

(2) કાટકોણનો અડધો ભાગ એટલે કેટલા અંશ.

(3)  આપેલ આકારમાં કુલ કેટલા ખૂણા બને છે ?

(b) આકૃતિ પરથી નીચેના પ્રશ્નોના જવાબ આપો.





(1) સૌથી વધુ ખૂણા કઈ આકૃતિમાં છે ?

(2) કઈ કઈ આકૃતિમાં ખૂણાની સંખ્યા સમાન છે ?

(3) સૌથી ઓછા ખૂણા કઈ આકૃતિમાં છે ?

(4) કઈ-કઈ આકૃતિમાં બધા ખૂણા માત્ર કાટકોણથી નાના બને છે ?

વિભાગ – C ટૂંક જવાબી પ્રશ્નો

આપેલા અંગ્રેજી મૂળાક્ષર સંદર્ભે કોષ્ટક પૂર્ણ કરો.

મૂળાક્ષર	કાટખૂણાની સંખ્યા	કાટખૂણાથી નાના ખૂણાની સંખ્યા	કાટખૂણાથી મોટા ખૂણાની સંખ્યા
N			
E			
A			

ક્ષમતા ક્રમાંક C-2.1	દ્વિ અને ત્રિપરિમાણીય આકારોને ઓળખે, તુલના કરે અને તેના લક્ષણોનું વિશ્લેષણ કરે તથા તેના લક્ષણો/ ગુણધર્મોનું વર્ણન કરવા માટેનું શબ્દભંડોળ વિકસાવે.
L0 ક્રમાંક : M503.2	આસપાસના પર્યાવરણમાં રચાતા ખૂણાઓને કાટકોણ, લઘુકોણ અને ગુરુકોણ સ્વરૂપે દર્શાવે છે.

વિભાગ : A હેતુલક્ષી પ્રશ્નો

(a) બહુવિકલ્પ પ્રશ્નો.

(1) વિશ્વ દિવાસળીની મદદથી નીચે મુજબની આકૃતિ બનાવે છે. તો તેમાં કુલ કેટલા ખૂણા બને છે ?



(A) 12
(B) 11
(C) 16
(D) 8

(2) વૃષ્ટિ પાસેની ઘડિયાળમાં 1: 00 વાગ્યાનો સમય બતાવે છે. તો ઘડિયાળના બંને કાંટા વચ્ચે બનતાં ખૂણાનું માપ કેટલું થાય ?

(A) 30° (B) 90° (C) 60° (D) 45°

(3) એક હોસ્પિટલ પાસેના રોડપર નીચે મુજબનું બોર્ડ લગાવેલ છે. તો બોર્ડના આકારમાં પાસપાસેની બે બાજુ વચ્ચે બનતો ખૂણો નીચેના પૈકી કયો હોય છે ?

(A) કાટકોણ (B) કાટકોણથી મોટા
(C) કાટકોણથી નાના (D) આપેલ ત્રણેય

(4) કાગળના એક લંબચોરસ ટુકડાને કોઈ એક ખૂણા પાસે કાપતા બનતા આકારમાં કુલ કેટલાં



(A) 3 (B) 4
(C) 6 (D) 5

(5) આપેલ ઘડિયાળમાં બે કાંટા વચ્ચે બનતો ખૂણો અને સમય જણાવો. (HOT)

(A) 30° અને 12 કલાક
(B) 60° અને 12 કલાક
(C) 30° અને 2કલાક
(D) 60° અને 2 કલાક

(6) તમારી પાસે રહેલા પુસ્તકની પાસપાસેની બે બાજુ વચ્ચેના ખૂણાનું માપ કેટલું હોય છે ?
(A) 30° (B) 60° (C) 90° (D) 120°

(7) નીચે આપેલ સમય પૈકી કયા સમયમાં ઘડિયાળમાં કાંટા વચ્ચેનો કાટખૂણો બને છે ?
(A) નવ વાગ્યે (B) બે વાગ્યે (C) છ વાગ્યે (D) ચાર વાગ્યે

(8) એક ઘડિયાળ 4 :00 નો સમય દર્શાવે છે તો તેના બે કાંટા વચ્ચેનો ખૂણો કેટલા માપનો થાય.
(A) કાટકોણ (B) કાટકોણથી નાના
(C) કાટકોણથી મોટા (D) આપેલ પૈકી એકપણ નહિ

(9) દીવાસળીની મદદથી બનાવેલ આકારોમાંથી કયા આકારને આંગળીના ટેરવાની મદદથી દબાવતાં આકારના ખૂણા બદલાતા નથી ?

(A) 6 દીવાસળી (B) 4 દીવાસળી (C) 3 દીવાસળી (D) 5 દીવાસળી

(10) વર્તુળાકાર કાગળની અડધી ગડી એકવાર વાળ્યા બાદ ફરીથી ગડી વાળતા બનતા આકારમાં કેટલા અંશનો ખૂણો બનશે ? (HOT)
(A) 60° (B) 30° (C) 90° (D) 180°

(11) આપેલ આકૃતિમાં દર્શાવેલ ખૂણો કયા પ્રકારનો બનાવે છે ?

(A) કાટકોણ (B) કાટકોણથી નાના
(C) કાટકોણથી મોટા (D) આપેલ ત્રણેય

(12) આપેલ ઘડિયાળમાં કયા બે કાંટા વચ્ચેનો ખૂણો કાટખૂણાથી મોટો છે ?



(A) 9:00 (B) 2:00 (C) 5:00
(D) 6:20

(13) નીચેની આકૃતિમાં બે છેડા વચ્ચે કયો ખૂણો બને છે.

(A) કાટકોણ (B) કાટકોણથી નાના
(C) કાટકોણથી મોટા (D) આપેલ ત્રણેય

(14) આપેલ બેઠકના ચિત્રમાં દર્શાવેલ ખૂણો નીચે પૈકી કયો છે ?

(A) કાટકોણ થી નાનો (B) કાટકોણ
(C) કાટકોણ થી મોટો (D) એકપણ નહીં

(15) આપેલ બહુકોણમાં અંદરની તરફ કેટલા કાટખૂણા છે ?



(A) 5
(B) 6
(C) 7
(D) 8

(16) કાગળની શીટ એકવાર ફોલ્ડ કરવામાં આવે છે.આ ફોલ્ડ કરેલી શીટ કેવી રીતે કાપવી જોઈએ જેથી કાપેલો ટુકડો ચોરસ બને ? (HOT) પ્રશ્ન આકૃતિ:



(17) ની ... ણો કાટખૂણાની સૌથી નજીક છે ?



આકૃતિ – 1 આકૃતિ – 2 આકૃતિ – 3 આકૃતિ – 4

(A) આકૃતિ – 2 (B) આકૃતિ – 1 (C) આકૃતિ – 4 (D) આકૃતિ – 3

(18) મોહિની નીચે બતાવેલ આકૃતિ મુજબ ભોયતળિયે સ્ટ્રો ગોઠવે છે. આ માટે 50 સ્ટ્રોના પેકેટનો ઉપયોગ કર્યા પછી, તેણીને ખબર પડે છે કે છેલ્લું ઘર અધૂરું છે. અધૂરા ઘરને પૂર્ણ કરવા માટે તેને કેટલા વધુ સ્ટ્રોની જરૂર પડશે ? (HOT)



(A) 5 (B) 6
(C) 11 (D) 13

(19) ઘડિયાળના કાંટા 3 વાગ્યાથી 10 વાગ્યા સુધી ફેરવે છે. તો તે કેટલો ખૂણો ફેરવે છે ?
(A) કાટકોણથી નાનું (B) કાટકોણથી નાનું
(C) કાટકોણથી મોટું (D) એકપણ નહિ

(20) ઘડિયાળના ડાયલમાં કાંટાના ખૂણાથી કેટલા વાગ્યા હશે ?



(A) 2:50
(B) 3:10
(C) 3:50
(D) 3:30

(21) ક રેખા પર ગડી વાળી કાતર વડે કાપતા બનતા આકારોમાં ખૂણાઓ



(A) 6
(B) 7
(C) 5
(D) 8

(2 કેટલા સેમી લાંબો છે?



(C)3.6 (D) 3.6

(b)

(1) પાંચ સરખી બાજુ ધરાવતી બંધ આકૃતિ બનાવવા ઓછામાં ઓછી ....દીવાસળીની જરૂર પડે.

(2) ટેલિવિઝનની પાસપાસેની બે ધાર વચ્ચેનો ખૂણો ....માપનો હોય છે.

(3) 30° એટલે કાટકોણ નો.....................ભાગ થાય.

વિભાગ – B અતિ ટૂંક જવાબી

- નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.

(1) ઘડિયાળમાં 5:00 વાગ્યે બે કાંટા વચ્ચેનો ખૂણો કેટલો હોય છે ?
(2) દિવાલ અને તેની સાથે ટેકાવેલી નીસરણી વચ્ચે બનતા ખૂણાનો પ્રકાર જણાવો.
(3) ઘડિયાળમાં ચાર વાગ્યે બનતો ખૂણો કાટકોણ કરતાં નાનો હોય છે કે મોટો ?
(4) છ દીવાસળીથી બનતો આકાર જણાવો.
(5) લંબચોરસ બનાવવા ઓછામાં ઓછી કુલ કેટલી દીવાસળીની જરૂર પડે ?
(6) ચોરસ બનાવવા ઓછામાં ઓછી કુલ કેટલી દીવાસળીની જરૂર પડે ?
(7) એક દિવસમાં ઘડિયાળના બે કાંટા વચ્ચે કાટખૂણા કેટલી વાર બને?
(8) છ દીવાસળીની મદદથી વધુમાં વધુ કેટલાં ત્રિકોણ બનાવી શકાય ?
(9) ઘડિયાળમાં 7:30 વાગ્યે બે કાંટા વચ્ચેનો ખૂણો કેટલો હોય છે ?

- ચિત્ર ઓળખ

આપેલ ઘડિયાળની આકૃતિનું અવલોકન કરી નીચેના પ્રશ્નોના જવાબ આપો .

(1) ત્રણેય કાંટા વચ્ચેના ખૂણાઓના માપ કેવા છે ?

(2) ઘડિયાળમાં કેટલા વાગ્યા છે ?

(3) કલાક કાંટા અને સેકન્ડ કાંટા વચ્ચે બનતો ખૂણોનો પ્રકાર કયો છે ?

ક્ષમતા ક્રમાંક : C 3.5	અંતર, લંબાઈ, સમય, પરિમિતિ (નિયમિત અને અનિયમિત આકાર માટે), ક્ષેત્રફળ (નિયમિત અને અનિયમિત આકાર માટે), વજન અને કદનો અંદાજ કાઢવા માટેની વ્યૂહરચનાઓ ઘડે છે.
ક્ષમતા ક્રમાંક : C 3.6	અનુમાન કરે છે કે સમાન ક્ષેત્રફળ ધરાવતા આકારોમાં ભિન્ન પરિમિતિઓ અને સમાન પરિમિતિ ધરાવતા આકારોમાં ભિન્ન ક્ષેત્રફળ હોઈ શકે છે.

અધ્યયન નિષ્પત્તિ ક્રમાંક : M509.1	આલેખપત્રની મદદથી આસપાસના પર્યાવરણમાં જોવા મળતી વસ્તુઓનું ક્ષેત્રફળ શોધે છે.

વિભાગ – A હેતુલક્ષી પ્રશ્નો (દરેક પ્રશ્નનો 1 ગુણ)

- નીચેના વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી ✓ની નિશાની કરો.

(1) આપેલ આલેખપત્ર પર દોરેલ આકૃતિનું ક્ષેત્રફળ કેટલું થાય?



(A) 6 ચો. એકમ
(B) 12 ચો. એકમ
(C) 4 ચો. એકમ
(D) 8 ચો. એકમ

(2) આપેલ આકૃતિ પરથી નીચેનામાંથી કયો વિકલ્પ સાચો છે.



(A) છાયાંકિત ભાગનું ક્ષેત્રફળ બાકીના ભાગથી વધુ છે.
(B) છાયાંકિત ભાગનું ક્ષેત્રફળ બાકીના ભાગથી ઓછું છે.
(C) છાયાંકિત ભાગનું ક્ષેત્રફળ બાકીના ભાગથી સમાન છે.
(D) છાયાંકિત ભાગનું ક્ષેત્રફળ બાકીના ભાગથી બમણું છે.

(3) આકૃતિમાં આપેલા છાયાંકિત ભાગ સિવાયનું ક્ષેત્રફળ કેટલું થાય ?



(A) 5 ચો. એકમ
(B) 3 ચો. એકમ
(C) 20 ચો. એકમ
(D) 17 ચો એકમ

(4) આપેલ આકૃતિમાં બનતા સરખા માપના ચોરસની સંખ્યા કેટલી થાય ?



(A) 3
(B) 6
(C) 9
(D) 12

(5) આપેલ આકૃતિમાં નાના ચોરસ ખાના સિવાયના મોટા ચોરસનું ક્ષેત્રફળ કેટલું થાય?



(A) 6 ચોસેમી
(B) 3 ચોસેમી
(C) 12 ચોસેમી
(D) 9 ચોસેમી

(6) 10 સરખા માપના ચોરસ લઇ તેમાંથી જુદાજુદા લંબચોરસ આકાર બનાવતા તેમના ક્ષેત્રફળ વિષે નીચે પૈકી કયો વિકલ્પ સાચો નથી?

(A) બધાજ લંબચોરસ આકારનું ક્ષેત્રફળ સરખું થશે.
(B) બધાજ લંબચોરસ આકારનું ક્ષેત્રફળ જુદું જુદું થશે.
(C) બધાજ લંબચોરસ આકારનું ક્ષેત્રફળ 10 ચોરસ એકમ થશે.
(D) ઉપરોક્ત તમામ

(7) આપેલ આકૃતિમાં નિશાનીઓના આધારે ક્ષેત્રફળનો ચડતો ક્રમ શોધો.



(A)

(B) 

(C)

(D)

(8) ક્ષેત્રફળ એટલે શું ?

(A) આકારની લંબાઈ (B) આકારની અંદરની જગ્યા (C) આકારની પહોળાઈ (D) આકારની હદ

(9) આપેલ આકૃતિમાંથી છાયાંકિત ભાગ કરતાં ખાલી ભાગનું ક્ષેત્રફળ કેટલું હશે?



(A) છાયાંકિત ભાગ કરતાં ખાલી ભાગનું ક્ષેત્રફળ વધારે હશે.
(B) છાયાંકિત ભાગ કરતાં ખાલી ભાગનું ક્ષેત્રફળ ઓછુ હશે.
(C) છાયાંકિત ભાગ કરતાં ખાલી ભાગનું ક્ષેત્રફળ સરખું હશે.
(D) ઉપરોક્ત તમામ

(10) નીચે આપેલા આખા ચોરસને ઢાંકવા કેટલા રેખાંકિત ત્રિકોણની જરૂર પડે?



(A) 9 (B) 12
(C) 18 (D) 24

- નીચેના પ્રશ્નોની ખાલી જગ્યાઓ પૂરો.

(1) નીચે આપેલ આકૃતિમાં છાયાંકિત ભાગનું ક્ષેત્રફળ _________ એકમ થાય.

(2) નીચે આપેલ આકૃતિમાં છાયાંકિત ભાગ સિવાયના ભાગનું ક્ષેત્રફળ _________ એકમ થાય.



(3) નીચે આપેલ બિંદુઓને જોડીને સરખા માપના ચોરસ બનતા કુલ ચોરસનું ક્ષેત્રફળ _______ ચો એકમ થાય.



(4) આપેલ આકૃતિમાં છાયાંકિત ભાગનું ક્ષેત્રફળ ______ થાય.



(5) આપેલ આકૃતિમાં છાયાંકિત ભાગનું ક્ષેત્રફળ ________ થાય.



વિભાગ-B અતિ ટૂંક જવાબી પ્રશ્નો (દરેક પ્રશ્નનો 1 ગુણ)

- એક-બે શબ્દોમાં જવાબ આપો.

(1) એક ચોરસ એકમના એક એવા 15 ચોરસને લઇ ઉભી હારમાં 5 ચોરસ તથા આડી હરોળમાં 3 ચોરસ આવે તે રીતે ગોઠવતાં બનતા આકારનું ક્ષેત્રફળ કેટલું થાય?



(3) નીચે આપેલ છાયાંકિત મૂળાક્ષરનું ક્ષેત્રફળ શોધો ?



(4) નીચે આપેલ આલેખમાંની બંને ટિકિટના ક્ષેત્રફળનો તફાવત કેટલો થાય ?

(5) નીચે આપેલી છાયાંકિત આકૃતિના ભાગનું ક્ષેત્રફળ કેટલું થાય ?



(6) આપેલ આલેખમાં તમને મન ગમતો આકાર દોરો, કે જેનું ક્ષેત્રફળ 9 ચોરસ એકમ થાય.



વિભાગ- **C** ટૂંક જવાબી પ્રશ્નો **(** દરેક પ્રશ્નના **2** ગુણ **)**

(1) આલેખ પત્રમાં સમાન ચોરસ ખાનાનો ઉપયોગ કરી COOL શબ્દ બનાવો.



(2) નીચે આપેલી આકૃતિઓનો તફાવત શોધો.



(3) નીચે દોરેલ ક્યા મુળાક્ષરે સૌથી વધુ ક્ષેત્રફળ રોક્યું છે ?



(4) નીચે આપેલ આકૃતિ (B) માં આકૃતિ (A) કેટલી સમાશે ?



આકૃતિ (B)



આકૃતિ (A)

(5) નીચે આપેલ લંબચોરસમાં એક સીધી રેખા દોરો કે જેથી બે ત્રિકોણ સરખા બને. તથા દરેક ત્રિકોણનું ક્ષેત્રફળ કેટલું થાય ?



વિભાગ – D નિબંધ પ્રકારના પ્રશ્નો (દરેક પ્રશ્નના 3 ગુણ)

(1) આલેખપત્ર પર તમારા હાથનો પંજો આગળીઓ જોડેલી રહે તે રીતે મૂકી તેની ફરતે રેખા (આઉટ લાઈન) દોરી તેનું ક્ષેત્રફળ શોધો.



(2) નીચે આલેખમાં આપેલ આકૃતિના આધારે પ્રશ્નોના જવાબ આપો.



(1) સૌથી વધુ ક્ષેત્રફળ કઈ આકૃતિનું છે ?
(2) સૌથી ઓછુ ક્ષેત્રફળ કઈ આકૃતિનું છે ?
(3) કઈ આકૃતિઓનું ક્ષેત્રફળ સરખું છે ?
(4) આકૃતિ Aનું ક્ષેત્રફળ કેટલું છે ?

(3) નીચે આપેલ અંગ્રેજી મૂળાક્ષરોના આધારે પ્રશ્નોના જવાબ આપો.



(1) આલેખમાં આપેલ મૂળાક્ષરમાંથી ક્યા મૂળાક્ષરનુ ક્ષેત્રફળ વધુ છે ?
(2) આલેખમાં આપેલ ક્યા મૂળાક્ષરનું ક્ષેત્રફળ ઓછુ છે ?
(3) સૌથી વધુ ક્ષેત્રફળ અને સૌથી ઓછુ ક્ષેત્રફળ ધરાવતા મૂળાક્ષર ક્ષેત્રફળનો તફાવત કેટલો થાય ?

(4) નીચે આપેલ અંગ્રેજી મૂળાક્ષરોના આધારે પ્રશ્નોના જવાબ આપો.



(1) કયો અંગ્રેજી મૂળાક્ષરમાં વધુ ચોરસ સમાવે છે ?
(2) સૌથી ઓછુ ક્ષેત્રફળ ધરાવતો અંગ્રેજી મૂળાક્ષર કયો છે ?
(3) ક્ષેત્રફળ આધારે SCHOOL શબ્દના અંગ્રેજી મૂળાક્ષરો ચડતા ક્રમમાં ગોઠવો.

ક્ષમતા ક્રમાંક : C- 3.5	અંતર, લંબાઈ, સમય, પરિમિતિ (નિયમિત અને અનિયમિત આકાર માટે), ક્ષેત્રફળ (નિયમિત અને અનિયમિત આકાર માટે), વજન અને કદનો અંદાજ કાઢવા માટેની વ્યૂહરચનાઓ ઘડે છે.
ક્ષમતા ક્રમાંક : C 3.6	અનુમાન કરે છે કે સમાન ક્ષેત્રફળ ધરાવતા આકારોમાં ભિન્ન પરિમિતિઓ અને સમાન પરિમિતિ ધરાવતા આકારોમાં ભિન્ન ક્ષેત્રફળ હોઈ શકે છે.
અધ્યયન નિષ્પત્તિ ક્રમાંક : M509.2	આલેખપત્રની મદદથી આસપાસના પર્યાવરણમાં જોવા મળતી વસ્તુઓની પરિમિતિ શોધે છે.

વિભાગ – A હેતુલક્ષી પ્રશ્નો (દરેક પ્રશ્નનો 1 ગુણ)

- નીચેના વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી ✓ની નિશાની કરો.

(1) આકૃતિ A અને B ની પરિમિતિ વિષે શું કહી શકાય ?



(A) (B)

(A) A ની પરિમિતિ વધુ
(B) B ની પરિમિતિ વધુ
(C) A અને B ની પરિમિતિ સરખી
(D) Bની પરિમિતિ A કરતા અડધી

(2) નીચેના આકારોમાંથી ક્યાં આકારની પરિમિતિ વધુ છે ?



(A) II
(B) I
(C) IV
(D) III

(3) આપેલ આકૃતિમાં છાયાકિંત ભાગની પરિમિતિ કેટલા એકમ થાય ?



(A) 1 એકમ
(B) 4 એકમ
(C) 3 એકમ
(D) 12 એકમ

(4) આપેલ આકૃતિમાં છાયાકિંત ભાગની કુલ પરિમિતિ કેટલી થાય ?



(A) 4 એકમ
(B) 6 એકમ
(C) 16 એકમ
(D) 24 એકમ

(5) પરિમિતિ એટલે શું ?

(A) આકારની લંબાઈ (B) આકારની પહોળાઈ

(C) આકારની હદ (D) આકારની અંદરની જગ્યા

(6) એક આલેખપત્ર ઉપર 24 ચોરસ સેમી ક્ષેત્રફળ ધરાવતો એક કાગળનો ટુકડો ચોટાડેલો છે.તો ચોરસ કાગળ ટુકડાની

પરિમિતિ કેટલી હશે ?



(A) 12 સેમી

(B) 24 સેમી

(C) 20 સેમી

(D) 6 સેમી

(7) 1 ચો.સેમી ક્ષેત્રફળ ધરાવતા 5 ટુકડાને આલેખપત્ર પર ચોટાડેલા છે તો બનતી પટ્ટીની પરિમિતિ કેટલી હશે ?

(A) 5 સેમી (B) 10 સેમી (C) 12 સેમી (D) 15 સેમી

(8) ટિકિટ ,પોસ્ટકાર્ડ , નોટબુક ,કંપાસની પરિમિતિનો ચડતોક્રમ જણાવો.

(A) ટિકિટ ,કંપાસ , પોસ્ટ કાર્ડ , નોટબુક (B) પોસ્ટકાર્ડ ,નોટબુક ,ટિકિટ , કંપાસ

(C) ટિકિટ ,પોસ્ટકાર્ડ , કંપાસ ,નોટબુક (D) કંપાસ , ટિકિટ ,નોટબુક ,પોસ્ટ કાર્ડ

(9) નીચેનામાંથી ક્યા આકારની પરિમિતિ શોધવા માપપટ્ટીનો ઉપયોગ થાય છે ?

(A) રોટલી (B) ટી.વી (C) લોટો (D) ડોલ

(10) આપેલ આકૃતિઓની પરિમિતિનો ચડતો ક્રમ જણાવો.





(11) વિધાન A : હદની લંબાઈને પરિમિતિ કહે છે. જ્યારે રોકેલી જગ્યા ને ક્ષેત્રફળ કહે છે.

વિધાન B : જો કોઈ જુદા જુદા આકારો સમાન ચોરસમાંથી બન્યા હોય તો જુદા જુદા આકારોનું ક્ષેત્રફળ જુદું

જુદું હોય પરંતુ તેની પરિમિતિ સરખી હોય. (HOT)

(A) બંને વિધાન સાચા છે. (B) બંને વિધાન ખોટા છે.

(C) વિધાન A સાચું છે જયારે વિધાન B ખોટું છે. (D) વિધાન A ખોટું છે જયારે વિધાન B સાચું છે.

- ખાલી જગ્યા પૂરો

(1) આપેલ આકૃતિમાં બનતા સરખા માપના ચોરસની કુલ સંખ્યા .... થાય .



(2) આપેલ આકૃતિની કુલ પરિમિતિ .... થાય.



(3) નીચે આપેલ બસ ટિકિટની હદની લંબાઈ .... સેમી થાય.

(4) આકૃતિઓ A અને B ની પરિમિતિનો તફાવત .... થાય.



(5) એક સફેદ કાગળને ઢાંકવા માટે 1 ચોરસ સેમી આકાર ધરાવતા 20 કાળા કાગળની જરૂર પડે છે તો સફેદ કાગળની પરિમિતિ .... સેમી થાય.

- ખરાં - ખોટાં (ખોટું વિધાન સુધારીને ફરી લખવું)

(1) બે આકારોનું ક્ષેત્રફળ સરખું હોય તેવા બે આકારોની પરિમિતિ પણ સરખી હોય છે .

....

(2) કોઈપણ આકારની પરિમિતિ માપવી હોય તો તેની હદની લંબાઈ માપવી પડે.

....

(3) અનિયમિત આકારની પરિમિતિ શોધવી હોય તો માપપટ્ટીનો ઉપયોગ કરી શકાય.

....

(4) ચમચી કરતાં ભાતિયાની પરિમિતિ ઓછી હોય છે.

....

(5) તમારા ઘરની ટી.વી પર 6 નોટબુક ગોઠવવાથી ટી .વી ઢંકાઈ જાય છે .તો ટી.વી નું ક્ષેત્રફળ અને પરિમિતિ સરખા છે .

....

વિભાગ - B અતિ ટૂંક જવાબી પ્રશ્નો (દરેક પ્રશ્નનો 1 ગુણ)

(1) 1 ચોસેમી માપવાળા 16 ચોરસ લઇ એક મોટો ચોરસ બનાવતાં તેની પરિમિતિ કેટલી થાય ?

(2) 1 ચોસેમી આકાર ધરાવતા ચોરસ ખાનાની મદદથી નીચેના લંબચોરસ બનાવતા બંનેની પરિમિતિ કેટલી થાય તે શોધો ?



(A)

(B)

(3) નીચે આપેલ આકૃતિની પરિમિતિ કેટલી થશે ?



(4) નીચે આપેલ આકૃતિઓ A , B , C માંથી કોની હદ લંબાઈ 12 સેમી છે?



(5) નીચે આપેલ આકૃતિ A અને B માંથી કોની પરિમિતિ ઓછી હશે ?



વિભાગ- C ટૂંક જવાબી પ્રશ્નો (દરેક પ્રશ્નનો 1 ગુણ)

(1) નીચે આપેલ આકૃતિમાં નાના એક સરખા ચોરસથી ઘેરાયેલા મોટા ચોરસની પરિમિતિ કેટલી થાય ?



(2) આપેલ આકૃતિમાં છાયાંકિત ભાગમાં સમાન લંબાઈના કુલ કેટલા ચોરસ સમાય ? તથા છાયાંકિત

ભાગની પરિમિતિ કેટલી થાય ?



(3) નીચે આપેલ આલેખપત્રમાં 9 સમાન ચોરસ લઇ મોટું ચોરસ બનાવો તથા બાકી રહેલ ભાગની પરિમિતિ શોધો.



(4) નીચે આપેલ આકૃતિમાં આપેલ ચોરસ ખાનાનો ઉપયોગ કરી તમારા નામના પ્રથમ અંગ્રેજી મૂળાક્ષરની રચના કરો   તથા તેની પરિમિતિ શોધો.



(5) નીચે આપેલ આકૃતિમા છાયાંકિત ભાગ તથા છાયાંકિત કર્યા વગરના ભાગની પરિમિતિ શોધો તથા તેમના વચ્ચેનો

તફાવત શોધો.



(6) આકૃતિમાં આપેલ મૂળાક્ષરોની પરિમિતિ શોધી ક્યાં મૂળાક્ષરની પરિમિતિ વધુ છે તે કહો.



(7) આકૃતિ A અને આકૃતિ B માંથી કોની પરિમિતિ વધુ હશે ? કેટલી ?



(8) નીચે આપેલ આલેખમાં 10 સેમી પરિમિતિ થાય તેવો આકાર દોરો.



(9) નીચે આપેલ આલેખમાં 22 સેમી હદ લંબાઈ થાય તેવો C આકાર દોરો.



(10) નીચે દોરેલી આકૃતિઓમાંથી સૌથી ઓછી પરિમિતિવાળી આકૃતિ શોધો અને તેની પરિમિતિ કેટલી છે ?



વિભાગ- D નિબંધ પ્રકારના પ્રશ્નો (દરેક પ્રશ્નના 3 ગુણ)

- આપેલ આકૃતિ પરથી નીચેના જવાબ આપો.



(1) છાયાંકિત ભાગની રચના કરવા કુલ કેટલા પૂર્ણ ચોરસની જરૂર પડશે ?
(2) છાયાંકિત ભાગની પરિમિતિ કેટલા સેમી થશે ?
(3) છાયાંકિત સિવાયના ભાગની પરિમિતિ કેટલા સેમી થશે ?
(4) છાયાંકિત કરેલા તથા છાયાંકિત કર્યા વગરના ભાગની પરિમિતિનો તફાવત કેટલો થાય ?